**રે.દિ.મુ.નં. ૮૪/૨૦૧૯**

**−:: <u>આંક ૬૮ ની પ્રતિવાદીના વિ.વ.શ્રી. પુરાવાનો હકક ખોલવાની અરજી તળે હુકમ</u> ::−**

અરજી વંચાણે લીધી, હાલની અરજી પ્રતિવાદીના વિ.વ.શ્રી. એન.આર. સોલંકી નાઓએ અરજી આપીને જણાવેલ છે કે, હાલનું કામ જજમેન્ટ ઉપર છે તેમજ હાલના કામે પ્રતિવાદીના પુરાવાનો હક તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ બંધ કરેલ છે પરંતુ હાલના દાવાના કામે પ્રતિવાદીઓ લગ્નપ્રસંગમાં રોકાયેલા હોવાના કારણે અને શરતચૂકના કારણે પુરાવો રજુ કરી શકેલ નથી તેમજ વધુમાં જણાવેલ છે કે, હાલના દાવાના કામે પ્રતિવાદી પાસે મહત્વનો મૌખિક અને દસ્તાવેજી પુરાવા તેમની પાસે છે અને વધુમાં જણાવેલ છે કે, જો સદરહું પ્રતિવાદી પાસે પડેલ મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર ન આવે તો પ્રતિવાદીને ન્યાય મળશે નહી અને વધુમાં પ્રતિવાદીના વિ.વ.શ્રી. એ જણાવેલ છે કે, જો આવુ થશે તો પ્રતિવાદીને નાણાંમાં ભરપાઈ ન થાય તેવું નુકશાન થશે.

વધુમાં જણાવેલ છે કે, દાવાનો નિકાલ ગુણદોષ ઉપર થાય તે માટે અમો પ્રતિવાદીને પુરાવા રજુ કરવાની અંતિમ તક મળવી આવશ્યક છે અને કોસ્ટ સાથે હકક ખોલવામાં આવે તો પણ વાંધો નથી તેમજ હાલની અરજી ઉપર વાદીના વિ.વ.શ્રી.એ એવો શેરો કરીને જણાવેલ છે કે કોસ્ટ સાથે હકક ખોલવામાં આવે તો વાંધો નથી.

અરજી વંચાણે લીધી. રેકર્ડ ધ્યાને લીધુ તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. હાલની અરજી પ્રતિવાદીના વિ.વ.શ્રી. એન.આર.સોલંકી નાઓએ પ્રતિવાદીનો પુરાવાનો હકક તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ બંધ કરી નાંખેલ હોય અને તેઓએ જણાવેલ છે કે, ગત તારીખે પ્રતિવાદી લગ્નપ્રસંગમાં હોવાના કારણે અને શરતચૂકથી પુરાવો આપી શકેલ નથી જેથી હકક ખોલવા માટે હાલની અરજી આપેલ છે.

હાલની અરજીની હકીકતને લક્ષમાં રાખી રેકર્ડની ઉપરની હકીકત સાથે જોવામાં આવે તો હાલના કામે વાદીના વિ.વ.શ્રી.એ આંક ૬૦ થી તા.૫/૫/૨૦૨૫ ના રોજ પોતાનો

પુરાવો આપવાનો હક બંધ કરતી પુરસીસ આપેલ છે ત્યારબાદથી હાલનું કામ પ્રતિવાદીના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

ત્યારબાદ હાલના દાવાના કામે પ્રતિવાદીના વિ.વ.શ્રી. એન.આર.સોલંકીનાઓએ પ્રતિવાદી ને પુરાવા આપવા માટે ની મુદત અરજીઓ આપેલ છે જે મુદત અરજીઓ તા.૧૭/૬/૨૦૨૫, તા.૨૧/૭/૨૦૨૫, તા.૧/૯/૨૦૨૫, તા.૧૩/૧૦/૨૦૨૫, તા.૨૪/૧૧/૨૦૨૫, તા.૧૦/૨/૨૦૨૬ આપેલ,તે મુદત અરજી તળે હુકમ જોવામાં આવે તો પ્રતિવાદીને આવતી મુદતે પુરાવા આપવાની શરતે મુદત અરજીઓ મંજુર કરેલ છે અને છેલ્લે તા.૨૧/૨/૨૦૨૬ ના રોજ સુધી પ્રતિવાદી પુરાવા આપે તે માટે રાહ જોયેલ છે અને ત્યારબાદ ગઈ તા.૨૧/૨/૨૦૨૬ ના મુદત ના રોજ પ્રતિવાદી ના વિ.વશ્રી એન.આર.સોલંકી ના જુનીયર પી.પી સોલંકી કોર્ટમાં હાજર હોવા જતાં પ્રતિવાદી તરફે કોઈ મુદત રિપોર્ટ કે રજુઆત કરેલ નથી અને કોર્ટ ધ્વારા મૌખિક રીતે પુરાવા બાબતે પુછતા છતાં જણાવેલ કે હક બંધ કરવામાં આવે તો વાંધા નથી અને ત્યારાબાદ તા.૨૧/૨/૨૦૨૬ ના રોજ આંક–૧ નીચે પ્રતિવાદી નો પુરાવા આપવનો હક બંધ કરેલ છે.આમ, હાલના દાવાનુ રેકર્ડ જોતા તા.૫/૫/૨૦૨૫ થી તા.૨૧/૨/૨૦૨૬ સુધી એક વર્ષ ઉપરાતના સમય ગાળામાં ૦૬–(છ) જેટલી મુદતો પ્રતિવાદીને પુરાવો આપવા માટે આપેલ છે.

વધુમાં હાલના દાવાના રોજકામની હકીકત ધ્યાને લેવામાં આવે તો તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ વાદી તેમજ પ્રતિવાદીના વિ.વ.શ્રી. હાજર છે તેમજ પ્રતિવાદીના વિ.વ.શ્રી. એન.આર.સોલંકીના જુનીયર વી.વ.શ્રી. પી.પી.સોલંકી હાજર હતા અને તેઓને તે દિવસે કોર્ટ દવારા સદરહું દાવાના કામે કોઈ પુરાવા આપવા છે કે કેમ, તો પ્રતિવાદીના વિ.વ.શ્રી. એન.આર.સોલંકીના જુનીયર વી.શ્રી. પી.પી.સોલંકી પુરાવા આપવાની ના પાડતા હાલના દાવાના કામે આંક ૧ નીચે પ્રતિવાદીના પુરાવાનો હકક બંધ કરેલ છે.

ત્યારબાદ હાલના દાવાના કામ દલીલો માટે મુકરાર કરવામાં આવેલ હતો જેમાં તારીખ તા.૨૮/૨/૨૦૨૬, તા.૫/૩/૨૦૨૬, તા.૭/૩/૨૦૨૬ રાખવામાં આવેલ અને વાદીના

વિ.વ.શ્રી. એ પોતાની દલીલો તા.૭/૩/૨૦૨૬ ના રોજ પૂર્ણ કરેલ છે અને પ્રતિવાદીના વિ.વ.શ્રી. પણ તે દિવસે હાજર હોવા છતાં દલીલો માટે કોઈ રીપોર્ટ કે રજૂઆત ન કરેલ હોય જેથી તા.૭/૩/૨૦૨૬ ના રોજ પ્રતિવાદીના વિ.વ.શ્રી.નો દલીલોનો હકક બંધ કરી હાલના દાવાનો કામ જજમેન્ટ માટે તા.૯/૩/૨૦૨૬ ના રોજ માટે મુલત્વી રાખવામાં આવેલ હતુ.

આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદીના વિ.વ.શ્રી. એન.આર.સોલંકીની એ અરજીમાં જણાવેલ હકીકત જોવામાં આવે તો,તા ૨૧/૨/૨૬ ના રોજ પ્રતિવાદી લગ્નપ્રસંગમાં રોકાયેલા હતા અને મુદતે શરતચૂકથી પુરાવો આપી શકેલ નથી તે હકીકત ખોટી જણાવેલ છે કારણ કે હાલનું કામ તા.૫/૫/૨૦૨૫ થી પ્રતિવાદીના પુરાવા ઉપર રાખી અને તે માટે પ્રતિવાદીને પુરાવા આપવા માટે પૂરતી અને વ્યાજબી તક આપેલ છે તે હકીકત રેકર્ડ ઉપર છે. વિશેષમાં તા.૨૧/૨/૨૦૨૬ના રોજ જયારે પ્રતિવાદીના પુરાવાનો હકક આંક ૧ નીચે બંધ કરેલ છે ત્યારે તેમજ તા.૭/૩/૨૦૨૬ ના રોજ પણ પ્રતિવાદીનો દલીલનો હકક બંધ કરેલ છે.આમ,બંને સ્ટેજ વખતે પ્રતિવાદીના વિ.વ.શ્રી. એન.આર.સોલંકીના જુનીયર વી.વ.શ્રી. પી.પી.સોલંકી રેકર્ડ મુજબ હાજર છે તેમજ હાલની અરજીમાં માત્ર તેમને મદદરૂપ થાય તેટલી જ હકીકત જણાવી કે તા.૨૧/૨/૨૦૨૬ ના રોજ હકક બંધ કરેલ છે તે હકીકત દર્શાવી અને હાલનો દાવો ડીલે કરવા માંગતા હોય તેવું જણાઈ આવે છે તેમજ હાલનુ કામ જજમેન્ટ ઉપરથી પરત પાછણ પ્રતિવાદી ના પુરાવા ના સ્ટેજ ઉપર લઈ જવા માટે જણાવેલ છે.

વિશેષમાં હાલની અરજીનો નિર્ણય કરતી વખતે એ હકીકત પણ નોંધનીય છે કે, તા.૫/૫/૨૦૨૫ થી હાલના દાવાનુ કામ પ્રતિવાદીના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે ત્યારથી લઈ આજરોજ તા.૧૧/૩/૨૦૨૬ ના રોજ પણ કામ બોર્ડ ઉપર લેવડાવવાની અરજી વખતે અને પુરાવાનો હકક ખોલવાની અરજી વખતે પણ પ્રતિવાદી હાજર રહેલ નથી તેમજ હાથ ઉપરનો દાવોમાં જયારે વાદી ના વિ.વશ્રી દ્વારા જયારે આંક–૬૦ થી તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ પોતાનો પુરાવો બંધ કરવાની પુરશીસ રજુ કરેલ

છે ત્યારથી લઈ સમગ્ર કેસનું પ્રોસેડીંગ્સ જોવામાં આવે તો પણ પ્રતિવાદી પોતે કોઈ દિવસ હાજર રહેલ નથી તેમજ આજરોજ પણ પ્રતિવાદી પુરાવાનો હકક ખોલવાની અરજી આપતી વખતે પ્રતિવાદી જાતે હાજર રહેલ નથી અને પ્રતિવાદીના વિ.વ.શ્રી.એ જાતે પોતાની સહીથી અરજી આપેલ છે,નહી કે પ્રતિવાદીને હાજર રાખી પ્રતિવાદી ની સહીથી તેમજ ખરેખર પ્રતિવાદી જો કોઈ પુરાવા આપવા માંગતા હોત તો પણ પ્રતિવાદી જાતે હાજર રહેલ હોત અને અરજી સાથે પ્રતિવાદી ને આપવાનો થતો પુરાવો અરજી જોડે અથવા સાથે રાખીની આપેલ હોત.આમ,પ્રતિવાદીની હાજરી વગર પોતાની સહીથી આપેલ છે.

આમ, હાલના દાવાના કામે પ્રતિવાદીના વિ.વ.શ્રી. એન.આર.સોલંકી નાઓએ પોતાની વિશેષ બૌધિક ક્ષમતા (CLEVER DRAFTING) વાપરી હાલની અરજીમાં પ્રતિવાદી તા.૨૧/૨/૨૦૨૬ ના રોજ લગ્નપ્રસંગમાં અને શરતચૂક ના કારણે પુરાવો આપી શકેલ નથી તેટલી માત્ર હકીકત જણાવી અને હાલના દાવાના કામે અગાઉ તા.૫/૫/૨૦૨૫ થી થયેલ પ્રોસેડીગ્સની હકીકત ન દર્શાવી અને માત્ર તેમને મદદરૂપ થઈ શકે તેટલી હકીકત દર્શાવી અને હકક ખોલવા તેમજ કોસ્ટ કરવા સામે વાંધો નથી તેમ જણાવી હાલની અરજી પણ પોતે પોતાની રીતે વગર પ્રતિવાદીને હાજર રાખી અને પુરાવાનો હકક ખોલાવાની અરજી સાથે પ્રતિવાદીનો કોઈ પુરાવો જોડે ન રાખી માત્ર પોતે પોતાની રીતે જજમેન્ટ ઉપર રાખેલ કામ ને દલીલ ના સ્ટેજ પણ નહીં પરન્તુ સીધુ પ્રત્વિાદીના ના પુરાવા ના સ્ટેજ લેવા તેમજ દાવાનો આખરી નિકાલ ના થાય અને કોર્ટને ખોટી દિશામાં અને ગેરમાર્ગે દોરવા અને ગુમરાહ કરવા માટે કરેલ હોય,તેમજ આ બાબતે નામદારે એપ્ક્ષ કોર્ટના વડી અદાલતો ના ઠરાવેલા સીધ્ધાંત જોવામાં આવે તો,The Hon'ble Supreme Court in Salem Advocate Bar Association, T.N. v. Union of India, (2005) 6 SCC 344 at Para 39 has observed that judicial notice can be taken of the fact that many unscrupulous parties take advantage of the system where either costs are not awarded or only nominal costs are

awarded. The practice of directing parties to bear their own costs has become common despite Section 35(2) of the CPC. Such practices encourage filing of frivolous applications and taking up frivolous defences. The costs have to be actual reasonable costs including cost of time spent by the successful party.

Further,The Hon'ble Supreme Court in A. Shanmugam v. Ariya Kshatriya Rajakula Vamsathu Madalaya Nandhavana Paripalanai Sangam, (2012) 6 SCC 430 at Para 41 has held that where a party is guilty of introducing untenable pleas which have no foundation or basis in the facts and circumstances of the case, such pleas are introduced to gain undue benefit. The Court must be cautious in granting relief to a party guilty of deliberately introducing irrelevant and untenable pleas responsible for creating unnecessary confusion. Further, at Para 37, it was observed that false averments and untenable contentions are serious problems faced by our courts, and litigants deliberately create confusion by introducing irrelevant facts and documents.At Para 42(4), the Court laid down the principle that once the Court discovers falsehood, concealment, distortion, obstruction or confusion in pleadings and documents, the Court should in addition to full restitution impose appropriate costs and ensure that there is no incentive for wrongdoers in the temple of justice.

Further,The Hon'ble Supreme Court in Ramrameshwari Devi v. Nirmala Devi, (2011) 8 SCC 249 at Para 52(C) has held that imposition of actual, realistic or proper

costs would go a long way in controlling the tendency of introducing false pleadings by litigants and that imposition of heavy costs would also control unnecessary adjournments.In appropriate cases, courts may consider ordering prosecution otherwise it may not be possible to maintain purity and sanctity of judicial proceedings.Further at Para 34, it was observed that uncalled for litigation gets encouragement because courts do not impose realistic costs and parties raise unwarranted claims and adopt obstructionist and delaying tactics because courts do not impose actual or realistic costs.At Para 55,the Court observed that the other factor which should not be forgotten while imposing costs is for how long the defendants or respondents were compelled to contest and defend the litigation in various courts.

**આમ,હાલ**ના કામે પ્રતિવાદીના વિ.વશ્રી એન.આર. સોલંકી નાઓએ સી.પી.સી ની કલમ–૧૫૧ મુજબ પ્રતિવાદીનો પુરાવાનો હક ફરીથી ખોલવાની અરજી આપેલ છે,જોકે પ્રતિવાદીને તારીખ ૫/૫/૨૫ થી તારીખ ૨૧/૨/૨૬ સુધી છ મુદતો આપવા છતાં પ્રતિવાદી જાતે હાજર રહેલ નથી કે પુરાવો આપવા માટે કોઈ પગલાં લીધેલ નથી.આ અરજીમાં ફકત પ્રતિવાદીને અનુકૂળ એવી પસંદગીની હકીકતો જ દર્શાવેલ છે જયારે સંપૂર્ણ કાર્યવાહીની હકીકત છુપાવેલ છે.આવુ વર્તન કોર્ટને ગેરમાર્ગે દોરવાનો અને દાવાના અંતિમ નિકાલમાં વિલંબ કરવાનો પ્રયાસ કરેલ છે.વકીલાત ના વ્યાવસયમાં વકીલશ્રી ની ફરજ કોર્ટને ન્યાયી નિષ્કર્ષ સુધી પહોચડવામાં મદદરુપ થવાની પણ છે,નહીં કે કોર્ટને ગેરમાર્ગે દોરવાની કે ખોટી દિશામાં વાળવાનુ.ઉપરોકત વડી અદાલતોનો ચુકાદોમાં ઠારવેલ કાયદાના સિધ્ધાં

તોને ધ્યાને રાખી હાલની પ્રતિવાદીના વિ.વશ્રી ની અરજી તળે નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

➢ પ્રતિવાદીના વિ.વ.શ્રી.ની આંક ૬૮ વાળી પ્રતિવાદી નો પુરાવાનો હકક ખોલવાની અરજી નામંજુર કરવામાં આવે છે.

➢ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ.વાવ**
**તા.૧૩/૦૩/૨૦૨૬**

**(એલ.આઈ. વઘવા)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,વાવ**
**જી.જે.૦૧૭૦૦**